દિવ્યક્રાંતિ પરિવાર તરફથી આપ સૌને દિપાવલી પર્વ તેમજ નૂતન વર્ષની મંગલ શુભકામના..

# દિવ્યક્રાંતિ

વાંચક દેવો ભવઃ

Diwali Special

Dt. 03 • 11 • 2018, Saturday

RNI Reg. No. GUJGUJ/2013/56930

Owner - Jaydev K. Budhbhatti : 09723162036 • Editor - Kishan Budhbhatti : 07567683111 • Web: www.divyakranti.com • E-mail: divyakrantinews@gmail.com • Fb.com/divyakrantinews • Price : 3.00 • 09723162036 - 96243 15303 - 96019 77755





# દિપાવલીઃ નાવ નહિં નદી મુબારક, સાલ નહિં સૌને સદી મુબારક































### દિવ્ય વિચાર

માનવ દરેક ઘરે
જન્મ લે છે પરંતુ
માનવતા ક્યાક જ
જન્મે છે

### ચાણક્ય નીતિ



સિંહના દાંત, વિધવાનું
શિયળ અને લોભીનું ધન
સરળતાથી મળતુ નથી

### કટાક્ષ

ભુખ્યાને રોટલો ને
વાંઢાને ચોટલો

### હાસ્યનો હલવો

પતિઃ મને લોટરી લાગે તો તુ શું કરે?
પત્નીઃ ૫૦ ટકા લઈને માવતર ચાલી જઉં અને ત્યાં એશ કરૂ
પતિઃ ૨૦ રૂા. ની લોટરી લાગી છે આ લે ૧૦ રૂપિયા લઈને માવતર ભેગી થઈ જા

### કડવા સચ

જીભ પર થયેલ ઈજા
રૂઝાય છે પણ જીભથી
થયેલ ઈજા રૂઝાતી નથી

### આજનો SMS

જવાની આવે તો મસ્તી લાગે છે
પરણ્યા પછી સસ્તી લાગે છે
ટેણીયો આવે તો વસ્તી લાગે છે
પછી લવ લેટર આવે તો પસ્તી લાગે છે

## મોરબીના લોકો મંદીને ભૂલી મનમૂકીને પૈસા ખરચશે, સારો વેપાર નીકળતા વેપારીઓ પણ ખુશ

# દિવાળી ૫ દિવસનો તહેવાર, ૨૦૦ કરોડથી વધુનો થશે વેપાર

### બજારોમાં સવારથી સાંજ સુધી ભીડઃ કપડાં, ફટાકડાં, ડ્રાયફ્રૂટ, વાહન, મોબાઈલ, કિચનવેર, જ્વેલરી સહિતની ખરીદીમાં લોકોનો જબરો ઉત્સાહ


દિવ્યક્રાંતિ ન્યુઝ, મોરબી, તા. ૩-૧૧, બજારમાં દિવાળી પર્વની રોનક જોવા મળી રહી છે. મોરબીના શનાળા રોડ, રવાપર રોડ, સોની બજાર, સહિતની બજારોમાં સવારથી સાંજ સુધી ગ્રાહકોની ભીડ જોવા મળે છે. ફુટપાથથી માંડીને મોલમાં ગ્રાહકો ખરીદી કરી રહ્યા છે. દિવાળી આનંદ ઉલ્લાસ અને પ્રકાશનો પર્વ છે. આ દિવસોમાં આસોપાલના તોરણની ખરીદીથી લઈને જમીન મકાનની ખરીદી કરે છે તો વ્યક્તિ પોતાનો માભો પાડવા માટે કપડાંથી માંડીને સોના ચાંદીના દાગીનાની ખરીદી કરશે, તો ફાટકડાની આતશબાજી વિના તો દિવાળીનો પર્વ અધૂરો ગણાય છે. આમ કપડાં, બૂટ, ચંપલ, ફટાકડા, મુખવાસ, મીઠાઈ નમકીન, સોના-ચાંદી, કિચનવેર, વાહન બજારમાં સારી એવી ખરીદી નીકળતા વેપારીઓ ખુશ છે. પગાર બોનસ નવા માસની ખૂલતી તારીખે આવ્યા બાદ બજારમાં વધુ વેપાર નીકળવાની વેપારીઓને આશા છે. દિવાળીનો તહેવાર આમ તો ધનતેરસથી ચાલુ થાય અને ભાઈબીજ સુધીનો ગણાય છે. આ ૫ દિવસમાં મોરબીવાસીઓ મનમૂકીને ખરીદી કરશે.







## જલારામ જન્મ જયંતીએ જાહેર રજા રાખવાની રઘુવંશી સમાજે માંગ કરી



મોરબી : મોરબી સમસ્ત લોહાણા સમાજ દ્વારા જલારામ જયંતિ ની રજા જાહેર કરવા જીલ્લા કલેક્ટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામા આવ્યુ હતુ.

મોરબી સમસ્ત લોહાણા સમાજની વિવિધ સંસ્થાઓ લોહાણા મહાજન, લોહાણા વિદ્યાર્થી ભવન, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના, રઘુવીર સેના સાર્વજનિક ટ્રસ્ટ, રઘુવંશી યુવક મંડળ, જલારામ વેવિશાળ માહીતી કેન્દ્ર, જલારામ જયંતિ ઉત્સવ સમિતી, જલારામ સેવા મંડળ, પોપટ પરિવાર, રઘુવંશી મહીલા મંડળ, જલારામ પાર્ક યુવા સંગઠન, ઠક્કર યુવા સંગઠન, દરિયાલાલ જન્મોત્સવ સમિતી, દરિયાલાલ મંદીર જીર્ણોધ્ધાર સમિતી, વીર દાદા જશરાજ સેના, રોયલ રઘુવંશી વગેરેના આગેવાનોએ મોરબી જીલ્લા કલેક્ટર મારફત જલારામ જયંતિની રજા જાહેર કરવા મુદ્દે મુખ્યમંત્રીને રજુઆત કરવામા આવી હતી.

રજુઆતમા તેઓએ જણાવ્યુ હતું કે ગુજરાત ની પવિત્ર ધરતી પર અનેક મહાપુરુષો એ અવતાર ધારણ કર્યા છે તેમજ અનેક સંતો મહંતોએ જન્મ ધારણ કરી ગુજરાતની ધરતી ને પાવન બનાવી છે. તેમાના એક સંત છે પૂજ્ય જલારામ બાપા. દેશ વિદેશના દરેક ધર્મ તેમજ સંપ્રદાયના લોકોની આસ્થા વિરપુરના જોગી પૂ.જલારામ બાપા સાથે જોડાયેલ હોય કારતક સુદ સાતમ તા.૧૪-૧૧-૨૦૧૮ બુધવાર ના રોજ પૂ. જલારામ બાપા ની ૨૧૯ મી જન્મ જયંતિ હોય તે દીવસે રજા જાહેર કરવા માંગ ઉઠાવવામાં આવી હતી.

રજુઆત સમયે મોરબી લોહાણા મહાજનના ગીરીશભાઈ ઘેલાણી, નરેન્દ્રભાઈ રાચ્છ, નવીનભાઈ રાચ્છ, અનિલભાઈ રાચ્છ, લોહાણા સમાજ અગ્રણી ધનશ્યામભાઈ પુજારા, વિવેકભાઈ મીરાણી સહીતના તમામ સંસ્થાના રઘુવંશી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## મોરબી : નવયુગ ગ્રુપ ઓફ એજ્યુ.ને એવોર્ડ

મોરબીની શૈક્ષણિક સંસ્થા નવયુગ ગૃપ ઓફ એજ્યુકેશનના સંસ્થાપક પી.ડી. કાંજીયાને ૯૪.૩ માય એફ.એમ. દ્વારા એક્સલન્સ ઈન ઈનોવેટિવ એજ્યુકેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો, આ તકે કેન્દ્રીય કૃષિમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા દ્વારા રાજકોટ નજીક ખીરસરાપેલેસ હેરિટેજ ખાતે નવયુગ ગૃપ ઓફ એજ્યુકેશનના સુપ્રિમો પી.ડી. કાંજીયા, તેમના પત્ની રંજનબેન કાંજીયા અને નવયુગ ગૃપના સહભાગી બળદેવભાઈ સરસાવાડીયાની ઉપસ્થિતિમાં એવોર્ડ એનાયત કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

## હળવદઃ ચરાડવામાં શ્રીમદ્ દૈવી ભાગવત નવાહ પારાયણ

**૯મીથી કથાનો પ્રારંભ થશે : ધાર્મિક કાર્યક્રમો યોજાશે**

હળવદ તાલુકાના ચરાડવા ગામે નજીક દેવળીયા રોડ આવેલ મહાકાળી આશ્રમે ધર્મ ઉત્સવનુ આયોજન કરાયું છે જેમાં શ્રીમદ્ દેવી ભાગવત નવાર પારાયણના વક્તા તરીકે કનૈયાલાલ ભટ્ટ રાજકોટ વાળા બિરાજી તેમની રસ મધુર શૈલીથી દેવી ચરિત્રોનું કથામૃત રસપાન કરાવશે. તા. ૯-૧૧ થી કથાનો પ્રારંભ અને કથાની પૂર્ણાહુતી તા. ૧૭-૧૧ ને શનિવારે થશે કથાનો સમય સવારે ૯ થી ૧ આશ્રમ દેવળીયા રોડ ચરાવડા તેમજ દશ મહાવીર યજ્ઞના આચાર્ય તરીકે દર્શનભાઈ રાવલ વાંકાનેર વાળા બિરાજશે.

## મોરબીના સામાકાંઠા વિસ્તારમાં જવા માટે નદી પરનો કોઝવે ખુલ્લો મુકાયો





મોરબી શહેરમાંથી સામાકાંઠા વિસ્તારમાં જવા માટે હવે લોકોને ટ્રાફિકજામમાં નહિ ફસાવવું પડે, ખાટકીવાસથી સામાકાંઠે મયુર પુલને સમાંતર બનાવાયેલ કોઝવે શરૂ કરી દેવામાં આવ્યો હોવાની જાહેરાત એસપી કરનરાજ વાઘેલા દ્વારા કરવામાં આવી છે જેમાં મોરબી શહેરમાં સામાકાંઠા વિસ્તારમાં આવન જાવન માટે લોકોને મયુર પુલનો ઉપયોગ કરવો પડે છે.

જેમાં ખાસ કરીને રેલવે ફાટક બંધ હોય ત્યારે અને સવારે અને સાંજના ઓફીસ અવર્સમાં ટ્રાફિક જામ સર્જતો હોય લોકો ત્રાહિમામ પોકારી જાય છે. પરંતુ હવે મયુર પુલને સમાંતર નદીમાં બનાવવામાં આવેલ કોઝવેનું કામ પૂર્ણ થઈ જતા વાહનો માટે આ કોઝવે ખુલ્લો મુકાયો છે જેથી હવે નાના વાહન ચાલકોને ટ્રાફિક જામમાં ફસાવું નહિ પડે અને સીધા જ શહેરમાં પહોંચી શકશે અને સમય અને ટ્રાફિક પણ થશે નહિ.

## મોરબીમાં ૧૪ હેડ કોન્સ્ટેબલને એએસઆઇ તરીકે બઢતી ૧૨ કર્મીઓને હેડ કોન્સ્ટેબલ તરીકે પ્રમોશનની દિવાળી ગીફ્ટ





મોરબી, તા. ૩, મોરબી જિલ્લા પોલીસ વડા દ્વારા ૧૪ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ. તેમજ ૧૩ પોલીસ કર્મચારીઓને હેડ કોન્સ્ટેબલના પ્રમોશન આપવામાં આવ્યા છે. મોરબી જિલ્લા પોલીસ વડા ડૉ. કરનરાજ વાઘેલા દ્વારા બિન હથિયારધારી ૧૪ હેડ કોન્સ્ટેબલોને આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકેના પ્રમોશન ૧૩ પોલીસ કર્મચારીનો હેડ કોન્સ્ટેબલના પ્રમોશન આપવામાં આવતા પોલીસ પરિવારમાં હરખની હેલી આવી છે.

જિલ્લા પોલીસવડા ડૉ. કરનરાજ વાઘેલા દ્વારા આજે આપવામાં આવેલા પ્રમોશન ઓર્ડરમાં મોરબી સીટી એ ડિવિઝનના પ્રદીપકુમાર નથુભાઈ ગોહિલ, મહિલા પોલીસ સ્ટેશનના ભાનુભાઈ પરબતભાઈ ડાંગર, મોરબી સીટી એ ડિવિઝનના મણીલાલ રામજીભાઈ ગામેતી, મોરબી તાલુકાના મુકુંદરાય પ્રેમશંકર જોશી, મામદભાઈ સીદી, અશોકભાઈ પી. દેત્રોજા, રાવતભાઈ આપાભાઈ લોખીલ, વાંકાનેર તાલુકાના વશરામભાઈ દેવાયતભાઈ મેતા, અને પ્રતિ નિયુક્તિ એસીબીના વિનોદકુમાર દેશાભાઈ વિરડાનો એસ.એસ.આઈ. તરીકે બઢતી આપવામાં આવી છે.

## રંગોળી બનાવવાથી ગંભીર બીમારીથી મળે છે રાહત

દિવાળીના તહેવાર પર જ્યારે ઘરની સજાવટની વાત આવે છે તો ઘરની મહિલાઓ સૌથી પહેલા ઘરના દરવાજા પર રંગબેરંગી રંગોળી બનાવીને ઘરને સજાવવાની શરૂઆત કરે છે. રંગોળીથી ઘરની રોનકમાં ચાર-ચાંદ લાગી જાય છે. રંગોળીના રંગ તહેવારના ઉત્સાહને ચાર ગણા કરી દે છે. રંગોળીથી ઘરની સુંદરતા વધે છે. સાથે જ તેનાથી રંગોળી બનાવનારી મહિલા અને તેના પરિવારનું સ્વાસ્થ્ય પણ તંદુરસ્ત રહે છે.

**શુ છે રંગોળીનું મહત્વ**

હિન્દુ ધર્મમાં રંગોલીને ધર્મ આધ્યાત્મથી જોડવામાં આવે છે. રંગોળી શબ્દની ઉત્પત્તિ રંગાવલીથી થઈ છે. આ એક સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ રંગોની કાવ્ય થાય છે. દેશના અલગ-અલગ રાજ્યોમાં તેને અલગ નામથી ઓળખવામાં આવે છે. તેને કોલ્લમ, અલ્પના, માંડના કહેવાય છે. તો ક્યાંક તેને ચૌક, સંસ્કાર ભારતી અને સાથિયા પણ કહેવાય છે. પરંતુ તેને બનાવવાનું મહત્વ દરેક જગ્યાએ જોવા મળે છે. ઐતિહાસિક રીતે જોઈએ તો એવુ માનવામાં આવે છે કે ભારતમાં રંગોળીનું આગમન મોહેંજોદડો અને હડપ્પા સભ્યાથી જોડાયેલી છે. આ બન્ને સભ્યકાઓમાં માંડી ખથયેલી અલ્પનાના નિશાન મળે છે. રંગોળી એક સંસ્કૃત શબ્દ છે. જેનો મતલબ છે રંગો દ્વારા ભાવનાઓથી અભિવ્યક્તિ કરવી છે.

**રંગોળી બનાવવાથી સ્વાસ્થ્યને થાય છે આ ફાયદા**

– રંગોળી બનાવવી એક કળા છે. કળાનો સીધો સંબંધ દિલ અને દિમાગથી હોય છે. જે પણ મહિલાઓ આર્ટ લવર હોય છે તેને મનની શાંતિ અને દિમાગના થાકને દૂર કરવા માટે રંગોળી બનાવી શકે છે. જેનાથી તમારો થાક દૂર થશે.



– રંગોળી બનાવતા સમયે તમારી આંગળી અને અંગૂઠા મળીને જ્ઞાનમુદ્રા બનાવે છે. જે તમારા મદજને ઉર્જાવાન અને સક્રિયા બનાવવાથી સાથે- સાથે બૌદ્દિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેથી તમે પણ રંગોળી બનાવો છો તો તમારું મગજ સંતુલિત રહેશે અને તમારી યાદ કરવાની શક્તિ તેમજ કોઈ વાતને સમજવાની શક્તિ વધશે.

– એક્યુપ્રેશના કારણથી પણ રંગોળી બનાવવી ખૂબ ફાયદાકારક હોય છે. રંગોળી બનાવતા સમયે હાથની જે મુદ્રા બને છે. તે સ્વાસ્થ્યને પણ અસર કરે છે. જો તમને હાઈ બ્લડપ્રેશરની સમસ્યા રહે છે તો રંહોળી બનાવવાથી તે પણ દૂર થઈ જાય છે. કારણકે તેનાથી માનસિક અને આત્મિક રીતે શાંતિ મળે છે.

– રંગોને સકારાકત્મર અને નકારાત્મક અસરથી વિજ્ઞાન અને અલગ-અલગ ચિકિત્સા પદ્ધતિઓ માનવામાં આવી છે.જ્યારે તમે રંગોના સંપર્કમાં આવો છો તો તેનાથી ઉત્સર્જિત ઉર્જા તમારી પર અસર કરે છે જેનાથી અનેક પ્રકારની માનસિક અને શારીરિક સમસ્યાઓનો ઈલાજ સંભવ છે.

– અલગ-અલગ રંગો અને ફૂલોથી બનાવવામાં આવેલી રંગોળી તમારા ઘર અને આસપાસના વાતાવરણમાં સકારાત્મક ઉર્જાનું સંચાર કરેછે. જેનાથી મન પ્રસન્ન અને વાતાવરણ ખૂબ સકારાત્મક હોય છે. તેની પણ અસર તમારા સ્વાસ્થ્ય પર પડે છે.

## વાંકાનેર માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રમં ઓનલાઈન નોંધની શરૂ

### ખેડુતો તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી મગફળી વેચાણ માટે નોંધણી કરાવી શકશે

વાંકાનેર, વાંકાનેર માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડુત કેન્ટીનના ઉપરના માળે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્રમાં ઓનલાઈન નોંધણી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં તા. ૧-૧૧ થી ૩૦-૧૧ સુધી ખેડુતોએ મગફળી વેચાણ માટે નોંધણી કરાવી શકશે અને તા. ૧૫-૧૧ થી ટેકાના ભાવે નોંધણી કરાવેલ ખેડુતોની મગફળીની ખરીદી શરૂ કરવામાં આવશે એક ખેડુત ખાતેદાર વધુમાં વધુ ૨૫૦૦ કિલો મગફળીની નોંધણી કરાવી શકશે. ટેકાના ભાવે મગફળી વેચાણ માટે નોંધણી કરાવવા માટે ખેડુતોએ ૭-૧૨, ૮-અ ના તાજજા કઢાવેલ દાખલા, આધાર કાર્યની ઝેરોક્ષ, બેંક ખાતા પાસબુકની ઝેરોક્ષ, કેંસલ કરેલ ચેક અને પાક વાવેતર અંગેનો તલાટીનો સહી સિક્કાવાળો દાખલો સાથે લઈ જવો, આ નોંધણી કેન્દ્રમાં વાંકાનેર મામલતદાર ઓફિસ સ્ટાફ, તાલુકા પંચાયત કચેરી સ્ટાફ, એપીએમસી સ્ટાફ અને પુરવઠા નિગમ ગોડાઉન સ્ટાફ દ્વારા નોંધણી શરૂ કરવામાં આવેલ છે.



**LOOKS**

લક્ઝરીયસ ફર્નિચર મોલ

૮-લાતી પ્લોટ, મોરબી.
ફોન : ૦૨૮૨૨-૨૫૦૪૯૦
મો. : ૮૪૯૦૦ ૯૫૦૯૫

સોફાસેટ, બોક્સ બેડ, વુડન કબાટ, ટીપોય, ડ્રેસીંગ ટેબલ, ઓફિસ ટેબલ, રિવોલ્વીંગ ચેર, T.V. યુનિટ, ઝુલા, મોલ્ડેડ ચેર વગેરે...

LOOKS ART GALLERY



નરેશ પટેલ: +91 97272 32999

ધિમંત પટેલ: +91 99795 00544

# Madhav Hotel



ચાઈનીઝ



સાઉથઈન્ડીયન

વિશાળ ગાર્ડનમાં ૫૦૦ થી વધુ વ્યક્તિઓનો સમાવેશ ધરાવતી મોરબીની એકમાત્ર હોટલ



કાઠીયાવાડી

બર્થ-ડે પાર્ટી, એન્ગેજમેન્ટ પાર્ટી, દરેક શુભ પ્રસંગે ર૫૦ થી વધુ સમાવેશ થાય તેવા હોલની સુવિધા, એન્જોયમેન્ટ માટે વિશાળ જગ્યામાં બગીચા અને બાળકો માટે રમત ગમતની સુવિધા તેમજ સ્વાદિષ્ટ ભોજન માટે ઉત્તમ સ્થળ.



પંજાબી

- માધવ હોટલ -

મોરબી-રાજકોટ હાઈવે, પરફેક્ટ મારુતિ શો-રુમ ની સામે, મોરબી. મો. ૯૭૧૨૭ ૯૭૧૧૩

દિવાળી ધમાકા ઓફર

ફ્રી

ૐ જે.પી. જવેલર્સ

ભારત સરકાર દ્વારા માન્ય 916 BIS હોલમાર્ક ગોલ્ડ જ્વેલર્સ

સોની અશ્વિનભાઈ જેઠાભાઈ આડેસરા
સોની પ્રશાંતભાઈ આડેસરા - સોની નિકુંજભાઈ આડેસરા

નહેરૂ ગેઈટ, મેઈન બજાર, ડાક શેરી, મોરબી.
ફોનઃ ૦૨૮૨૨ - ૨૨૨૫૫૫, મો. ૯૮૨૫૬ ૩૭૦૯૯, ૭૫૬૭૭ ૧૧૦૧૧

દિવાળી ધમાકા ઓફર

350/-

ૐ જે.પી. જવેલર્સ

ભારત સરકાર દ્વારા માન્ય 916 BIS હોલમાર્ક ગોલ્ડ જ્વેલર્સ

સોની અશ્વિનભાઈ જેઠાભાઈ આડેસરા
સોની પ્રશાંતભાઈ આડેસરા - સોની નિકુંજભાઈ આડેસરા

નહેરૂ ગેઈટ, મેઈન બજાર, ડાક શેરી, મોરબી.
ફોનઃ ૦૨૮૨૨ - ૨૨૨૫૫૫, મો. ૯૮૨૫૬ ૩૭૦૯૯, ૭૫૬૭૭ ૧૧૦૧૧

ફેન્સી કંકોત્રી કાર્ડ, રજવાડી કંકોત્રી, આમંત્રણ કાર્ડ-કવરની તદ્દન નવીન વિશાળ રેન્જ મળશે. દિપોત્સવી પર્વ તેમજ નુતન વર્ષની શુભકામના...

# એશીયન ટ્રેડર્સ

વાસ્તુ કાર્ડ ગોત્રીજ કાર્ડ બર્થડે કાર્ડ
જનોઈ પત્રીકા લગ્ન પત્રીકા પેંડા બોક્સ

Happy Diwali..

asiancard52@gmail.com

પટેલ ઈલેક્ટ્રોનીકની બાજુમાં ગેસ્ટ હાઉસ રોડ, અજંતા કોમ્પલેક્ષ, મોરબી.

RR Mall
Reliable Retail Reliable Rate

365 DAYS FESTIVAL MAHA BACHAT FULL YEAR

ખરીદી આખુ વર્ષ
બચત આખુ વર્ષ

R.R. Retail Mall LLP

આર.આર. રીટેઈલ મોલ આપને આપે છે ૩૬૫ દિવસ આર્કષક છુટ

દિવાળી પર્વની હાર્દિક શુભકામના

# આકાશ ઈલેક્ટ્રોનિક્સ



વિડિયોકોન, પેનાસોનીક, વોલટાસ, સેનસુઈ, L.E.D., L.C.D., 3D, ફ્રીજ, વોશીંગમશીન, હોમથિયેટર, ઈન્ડક્શનકુકરની વિશાળ રેન્જ.

VIDEOCON
BAJAJ FINSERV

O. 02822-220141

યુનિયન બેંકની બાજુમાં સુભાષ રોડ, મોરબી

Happy Diwali

CMYK PRINT
print solutions

- Digital Cutting
- Cards Creasing
- Thermal Lamination
- Dye Cutting

Rajni Plaza, Frist Floor, Opp. G.I.D.C., Sanala Road, Morbi-363641 (Guj.) INDIA

સત્યમ્ જ્વેલર્સ

દિવાળી ફેસ્ટીવલ ધમાકા ઓફર

પુષ્ય નક્ષત્રઃ ૩૧-૧૦-૧૮, ધનતેરસઃ ૦૫-૧૧-૨૦૧૮, દિવાળીઃ ૦૭-૧૧-૨૦૧૮

અમારૂ સરનામું
મો. ૯૨૨૮૩ ૦૭૦૯૧

૫૦ વર્ષોથી વધુ જુની અને જાણીતી પેઢી

સોની કનૈયાલાલ મનસુખલાલ પાટડીયા (વનાળીયા વાળા)

શુભ દિપાવલી

# ગોપી જ્વેલર્સ

ધનતેરશ

સરપ્રાઈઝ ફ્રી ગીફ્ટ

ધમાકા ઓફર...

સોનાના દાગીનાની ખરીદી પર ખાસ ડીસ્કાઉન્ટ મેળવો.

લકી ડ્રો ઓફર...

દિવાળીના શુભ તહેવાર તથા શુભ પ્રસંગે...

અમારે ત્યાંથી સોનાના ૨૨ કેરેટ દાગીના તથા ચાંદીના દરેક ભગવાનની મૂર્તિ, સિક્કા, લગડી, પ્રેઝન્ટેશન ગીફ્ટની અવનવી વેરાયટીઓ મળશે.

બજાર લાઇન, લાલબંબા શેરી સામે, મોરબી. ફોનઃ ૨૩૨૧૭૨, મો. ૯૦૩૩૩ ૩૯૮૩૩

TIMES OF CERAMIC

COMING UP NEXT...
INTERNATIONAL DIRECTORY - 2019
WWW.TIMESOFCERAMIC.COM , WWW.CERAMICTODAY.IN

CERAMIC TODAY

MAYUR K. BUDHABHATTI ( OWNER & EDITOR) TIMES OF CERAMIC , CERAMIC TODAY & LOK JWALA NEWS ( SUB EDITOR ) DIVYA DRASHTI MEDIA GROUP = +91 96019 7775

મોરબી શહેરમાં વંચાતા અખબારો કરતાં અનેક ગણી વધુ નકલનો ફેલાવો ધરાવતું

દિવ્યક્રાંતિ

અખબારમાં જાહેરાત માટે સંપર્ક કરો : M. 9723162036